ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૬-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### એક કાંકરે બે પક્ષી પાડવાનો ખેલ?

સુષમા સ્વરાજને 'ક્લીન ચીટ' આપવી પડી છે તે પાર્ટી અને સરકારની મજબૂરી છે. હકીકતમાં આ 'મોદીગેટ' કદાચ પાર્ટીના જ સુષમા-વિરોધી જૂથ દ્વારા કરાયેલ ઘટસ્ફોટ છે. સુષમા સ્વરાજના પતિ અને પુત્રી બેઉ લલિત મોદીની લીગલ ટીમનાં સભ્યો છે. મોદી તો એથીય આગળ એવો દાવો કરે છે કે સુષમાના પતિ કે પુત્રીએ એમની પાસેથી ફી પણ નથી લીધી. સુષમા સ્વરાજ ભારતના ભાગેડુ ગુનેગારને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી પ્રસંગે લંડનની હોટલમાં મળ્યાં હોવાનું તો ખુદ લલિત મોદીએ જ સ્વીકાર્યું છે. એ વખતે સુષમા સાથે એમનાં ધારાશાસ્ત્રી સુપુત્રી બંસરી પણ ઉપસ્થિત હતા. સુષમાએ દેશના કાળા નાણાનાં કારોબારીને 'માનવતાના ધોરણે' મદદ કરી હોય તો એ અત્યાર સુધી છુપાવવાની શી જરુર હતી? વિદેશ મંત્રીએ આખી બાબત ગોપનીય રાખી હતી - તે ત્યાં સુધી કે વડાપ્રધાન, ગૃહપ્રધાન કે નાણાપ્રધાન જેવા સત્તાધારી સર્વોચ્ચ વરિષ્ઠ મંડળને પણ અંધારામાં રાખ્યું હતું. જયારે છૂપી બાબત લીક થઇ ત્યારે એ ઘાંઘાં થઇને રાજનાથસિંહ પાસે દોડી ગયાં હતા. રાજનાથસિંહે સંઘના અગ્રણીઓ સહિત વડાપ્રધાન અને નાણાપ્રધાન સાથે ઊંડી ચર્ચાવિચારણા ચલાવ્યા પછી પાર્ટીના અધ્યક્ષ અમિત શાહે સરકાર અને પાર્ટી સુષમા સ્વરાજની પડખે હોવાનો (બનાવટી) ખોંખારો ખાધો હતો. વાસ્તવિકતા એથી જુદી પણ હોઇ શકે. ભાજપ સાંસદ અને ક્રિકેટજગતની જાણીતી હસ્તી કીર્તિ આઝાદે આખી ઘટના પાછળ ઘરના જ જાણભેદુ - 'આસ્તીન કા સાંપ' હોવાની શક્યતા દર્શાવી હતી તે સૂચક છે. સુષમાનો લલિત મોદી વિવાદ માધવસિંહ સોલંકીના બોફોર્સ-ચિઠ્ઠી પ્રકરણની યાદ અપાવે છે. મોદી અને અરૂણ જેટલીની જુગલબંધી સામે સુષમા સ્વરાજ એ પાર્ટીમાં જ પડકારરુપ બલકે આડખીલીરુપ નેતા ગણાતાં રહ્યાં છે. સંઘના દબાણને કારણે પાર્ટીના આંતરિક મતભેદો ભલે બહાર ન આવતા હોય પરંતુ એકમેક સાથેના વહેવારમાં એ દૃષ્ટિગોચર થયા વિના રહેતા નથી. વિદેશમંત્રી હોવા છતાં સુષમા સ્વરાજ લો - પ્રોફાઇલ જ રહ્યાં છે. મોદીએ એમને સતત 'લાઇમ લાઇટ' થી વેગળાં રાખવાનું વલણ રાખ્યું છે. જેટલી અને સુષમા વચ્ચે સર્વોચ્ચ પદ માટેની લડાઇ તો છેક અડવાણીકાળથી ચાલી આવે છે. અડવાણી સાથેની વફાદારી અને નિકટતા તથા પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે સુષમાની સમૂળગી બાદબાકી તો અશક્ય જ હતી, પણ એમને વિદેશખાતા જેવું અગત્યનું ખાતું આપીને પણ કદ મુજબ વેતરી નાખવામાં આવ્યાં, એ તો સર્વવિદિત છે. લલિત મોદી કાંડમાં રાજસ્થાનનાં મહિલા મુખ્યમંત્રી પણ ફસાયાં છે. ખુદ લલિત મોદીએ જ ખુલાસો કર્યો છે કે વસુંધરાએ એમને ઇમિગ્રેશનમાં મદદ કરી હતી. વસુંધરા રાજે ૨૦૧૧માં રાજસ્થાનના વિપક્ષી નેતા હતાં ત્યારે એમને છાનીછપની રીતે લલિત મોદીના ઇમિગ્રેશન માટે કરેલ ભલામણ પાછળ એમના પારિવારિક સંબંધો જવાબદાર છે. ધનકુબેર મોદીએ એમના પુત્રની કંપનીના શેર ખરીદવાના બહાને સાડા અગિયાર કરોડ જેવી માતબર રકમ રોકી હતી. વસુંધરા પોતે મોદીનાં પત્ની સાથે બે વાર પોર્ટુગલ ગયાં હોવાનું લલિત મોદીએ જ સ્વીકાર્યું છે. ભાજપના બબ્બે મહિલા નેતાઓ સાથે આવા પારિવારિક સંબંધો ધરાવતા મોદી એમનાં બેઉ શુભેચ્છકો માટે શિરોવેદના સરજી રહ્યા હતા. કોંગ્રેસ સહિત વિપક્ષો બેઉ નેતાઓનું રાજીનામું માગી રહ્યા છે. રાહુલ ગાંધીએ તો વડાપ્રધાન મોદી કૌભાંડી મોદીને બચાવી રહ્યા હોવાનો આક્ષેપ કરી દીધો છે. નાની નાની બાબતોમાં ટ્વિટર પર અભિપ્રાય રજૂ કરવા ટેવાયેલા મુખર વડાપ્રધાને એમના નામધારી 'મોદી'ના મુદ્દે મૌન ધારણ કરવામાં શ્રેય ગણ્યું છે, તે જ શું સૂચક નથી? મોદી સામે શિંગડા ભરાવતી રહેલ બેઉ મહિલાઓ લલિત મોદી સાથેના સંબંધને કારણે શંકા-કુશંકાના ઘેરામાં આવી ગઇ છે. નરેન્દ્ર મોદી, અરૂણ જેટલી અને અમિત શાહ એમને એક સલામત અંતરે રહીને ઔપચારિક પૂરતી 'ક્લીનચીટ' આપી રહ્યા હોય ત્યારે 'બિટવિન ધિ લાઇન્સ' કેટલું બધું વંચાઇ જાય છે!

# ગણિતમાં એક પ્રશ્નમાં ૪ માર્કર્સનું ગ્રેસીંગ અપાશે

## આજે જેઈઈ-એડવાન્સ પરીક્ષાનું પરિણામ જાહેર કરાશે

અમદાવાદ, તા.૧૭

દેશની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલ જેઈઈ-એડવાન્સની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આ પરિણામમાં દરેક વિદ્યાર્થીઓને ચાર માર્કર્સ ગ્રેસીગ આપવાનો નિર્ણય સીબીએસઈ દ્વારા લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશની ટોચન આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ (જેઈઈ)ની એડવાન્સ પરીક્ષા લેવામાં આવી હતી.આ પરીક્ષામાં દેશભરમાંથી ૧.૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે હવે આ પરીક્ષાનું પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે જો કે આ પરીક્ષામાં ચાર માર્કર્સનાં વિવાદાસ્પદ પ્રશ્નોના માર્કસ વિદ્યાર્થીઓને આપી દેવાનો નિર્ણય કરતા અનેક વિદ્યાર્થીઓને રાહત થઈ છે. આ માર્કસ મેથ્યસમાં એ પ્રશ્ન બદલ આપવામાં આવશે. આ પ્રશ્નનો ઉકેલ ન આવતો હોવાથી વિદ્યાર્થીઓએ આ પ્રશ્નનો જવાબ લખ્યો હોય કે નહીં તેનાં ચાર માર્કસ દરેક વિદ્યાર્થીને આપી દેવામાં આવશે. જેઈઈ એડવાન્સની પરીક્ષામાં ચાર માર્કસમાં સામાન્ય રીતે ૬૦ થી ૭૦ રેન્કનો ફેર પડતો હોય છે.

આ ઉપરાંત જેઈઈ એડવાન્સની રિવાઈઝ આન્સરસીપુ પણ વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવામાં આવી છે. સાથેજ દરેક સવાલનાં જવાબમાં મેળવેલ માર્કસની વિગતો પણ વિદ્યાથીઓને આપવામાં આવી છે ઉલ્લેખનીય છે કે જેઈઈ-મેઈનની પરીક્ષા પાસ કરનાર ગુજરાતનાં ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓએ જેઈઈ-એડવાન્સની પરીક્ષા આપી હતી. દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ-એડવાન્સની પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.






કેનેડાના વાનકુવર ખાતે તાજેતરમાં યોજાયેલી સ્કીન સ્પેશ્યાલીસ્ટોની કોન્ફરન્સમાં રાજકોટના ચર્મરોગ નિષ્ણાત ડૉ. સુરેશ જોશીપુરાએ પેમ્ફીંગસ અને હર્પીસ ઉપર વકતવ્ય આપ્યું હતું. આ પ્રોજેકટમાં પીડીયુ મેડીકલ કોલેજના ચર્મરોગ વિભાગના વડા ડૉ. નીલાબેન ભુપતાણી, એચ.જે. દોશી હોસ્પિટલના માનદ નિષ્ણાંત ડૉ. મુકેશ રૂપારેલીયા તથા અમેરીકા બોસ્ટનના ટફટ હોસ્પિટલના રીસર્ચ ફેલો ડૉ. દિપ જોશીપુરાએ સહકાર આપ્યો હતો.

# બીએસસી-બીકોમમાં પ્રવેશ માટે આજે ફર્સ્ટ મેરિટલિસ્ટ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ, કોમર્સ, બીસીએ, એમસીઆઈટી અને એમબીએ કોલેજમાં આ વખતે પ્રવેશ માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે પ્રવેશ કાર્યવાહી માટે રજિસ્ટ્રેશનની કામગીરી અને પ્રાવિઝનલ મેરીટલિસ્ટ જાહેર કરાયા બાદ હવે આવતીકાલે પ્રથમ મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. જ્યારે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ ૨૦ જુનથી શરૂ કરવામાં આવશે જે ૨૬ જુન સુધી ચાલશે પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુવનિવર્સિટી બીએસસી,બીકોમ સહિતના પાંચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન એડમિશન અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ચોઈસ ફિલિંગ ભરાવી લેવામાં આવી છે. ત્યારે હવે આવતીકાલે પ્રથમ મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ૧૩૭૮૬ ફોર્મ અને પીનનું વેચાણ થયું હતું. ત્યારબાદ ૧૨૩૭૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૧૨૧૦૪ વિદ્યાર્તીઓએ પ્રવેશ માટેની પ્રક્રિયા પૂર્ણ કરી ફોર્મ સબમીટ કરી દીધા છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાત જેટલી સાયન્સ કોલેજોમાં ૨૯૬૦જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોઈ સાયન્સમાં પ્રવેશ માટે ભારે ઘસારો જોવા મળશે. બીજી બાજુ યુનિવર્સિટી સલગ્ન બીકોમ બીબીએ, બીસેએ, એમએસીઆઈટી અને એમબીએ સહિતના અભ્યાસક્રમોની ૭૧ કોલેજોની ૩૫૦૦૦ બેઠકો ઉપર પ્રવેશ ફાળવવા હાથ ધરાયેલ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની પ્રથમ મેરીટયાદીમાં આવતીકાલે જાહેર કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

મેરીટયાદી જાહેર કર્યા બાદ જે વિદ્યાર્થીઓના નામ મેરીટયાદીમાં હોય તેમને વિવિધ કોલેજોમાં પ્રવેશ ફાળવવાની કાર્યવાહી ૨૦ જુનથી શરૂ કરવામાં આવશે. જે ૨૬ જુનથી ચાલશે ૨૬ જુન બાદ ખાલી રહેલ બેઠકો માટે બીજી મેરીટયાદી જાહેર કરવામાં આવશે. જ્યારે કોલેજોનું શૈક્ષણિક સત્ર ૧ જુલાઈ થી શરૂ કરી દેવાની કવાયત હાથ ધરાઈ છે.

### મદદનીશ ઈજનેર સિવિલનું અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

એસોસિએશન ઓફ આસિસ્ટન્ટ એન્જીનિયર સિવિલનું વાર્ષિક અધિવેશન આગામી તા. ૨૧ જૂન, રવિવાર સવારે ૮.૦૦ વાગે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં દરેક આસિસ્ટન્ટ એન્જીનીયરને તા. ૧૯ સુધી રજીસ્ટ્રેશન કરવા જણાવ્યું છે. કાર્યક્રમ દરમિયાન સમયાંતરે સંગીતની સુરાવલી રેલાવવામાં આવશે. તેમજ બપોરનું લંચ સાથે લેવામાં આવશે. અધિવેશનમાં મંડળના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

## લાયબ્રેરી કોમ્પ્યુટરાઈઝેશન માટે ત્રિદિવસીય વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

'ગતિશીલ ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત ગ્રંથાલય ખાતાના ૧૦ સરકારી તાલુકા પુસ્તકાલયોની સેવાઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કમગીરી ચાલુ છે. આ તાલુકા પુસ્તકાલયોના ગ્રંથપાલોને પુસ્તકો તથા સભ્યોની ડેટા એન્ટ્રી તથા લાયબ્રેરી સોફ્ટવેરના ઉપયોગ સંબંધી તાલીમ અને અન્ય કામગીરી માટેનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપવા માટે તા. ૨૦-૬-૧૫ થી તા. ૨૨-૬-૧૫ દરમિયાન ગ્રંથાલય નિયામકની કચેરી, ગુ.રા., ગાંધીનગર દ્વારા રાજય ગ્રંથાલય ભવન, સે-૧૭, ગાંધીનગર ખાતે ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

### બ્રહ્મસમાજ યુવા પાંખ દ્વારા વન-ડે પિકનીકનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવાર ગાંધીનગર દ્વારા એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પાસે આવેલ પોળો ફોરેસ્ટ કેમ્પ ખાતે પિકનીક યોજાશે. જેમાં બ્રહ્મસમાજના ૧૮ થી ૪૦ વયના યુવક-યુવતિઓ જોડાઈ શકશે.

જેની ફી વ્યક્તિદીઠ રૂ. ૫૫૦ ભરવાની રહેશે. પિકનીક આગામી ૫ જુલાઈના રોજ યોજવામાં આવશે. ગાંધીનગર સ્થિત પિકનીકમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતિઓએ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ દરમિયાન સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતેથી ફોર્મ મેળવી લઈ પરત કરવાના રહેશે. જેની છેલ્લી તારીખ ૨૫ જૂન છે. વધુ માહિતી માટે વિશાલ જોશી અને જય દવેનો સંપર્ક કરવો.

### સહયોગ મંડળ ગાંધીનગરની વાર્ષિક સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

સહયોગ મંડળ ગાંધીનગરની ૨૦૧૪-૧૫ની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખશ્રી ભગુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ હતી. આ સંસ્થામાં સેવાકીય પ્રવૃત્તી કરવામાં આવતી હોયછે. મંત્રીશ્રી વી.પી. પ્રજાપતિએ માહિતી આપી હતી. સર્વાનુમતે હિસાબો મંજુર કરવામાં આવ્યા હતા. કેટલાક સભ્યોએ સંસ્થાને મદદ માટે દાન પ્રોત્સાહન આપ્યા હતા તેમ સહમંત્રીશ્રી દશરથભાઈ પરમારે જણાવેલ છે.

### જીમખાનામાં યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ દ્વારા વિશ્વ યોગ દિન નિમિત્તે તા. ૨૧મી જૂનથી તા. ૩૦મ જુન સુધી સવારે છ વાગે યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. યોગ નિષ્ણાત શ્રી અશ્વિનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ યોગ શિબિર યોજાશે. તો નગરવાસીઓને લાભ લેવા જણાવવામાં આવે છે. શિબિરાર્થીને આસન-પાથરણું સાથે લાવવું જરુરી છે. શ્રી જી. સુબ્બારાવ ચેરમેન, જીમખાના સે-૧૯, મેનેજિંગ કમિટીના શ્રી અશોકભાઈ ભાટીયા, શ્રી સંદિપ દવે, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી અશોક નારાયણ, શ્રી હરેન્દ્રસિંહ જાદવ, શ્રી દર્શન ઠાકર, શ્રી જશવંતભાઈ ગાંધીએ લાભ લેવા જણાવેલ છે. યોગને જીવનનો ભાગ બનાવો તથા રોગ અટકાવવા માટે યોગ ખુબ જ ઉપયોગી છે.

# બ્રહ્માકુમારીઝના વાવોલ સેન્ટરનો દ્વિતિય વાર્ષિકોત્સવ ઉજવાયો

## ગાંધીનગરના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન સહિત વાવોલના સરપંચ ઉપસ્થિત રહ્યા : રામજી મંદિરના મહંત મધૂસુદનદાસજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિ : કેક કટીંગ કરી ૧ કલાક યોગ અને ૨ કલાક વિશેષ તપસ્યા કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝના કેન્દ્રને બે વર્ષ પુરા થવાના નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હંસાબેન મોદી સહિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી વાર્ષિકોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. અને કેક કાપી હતી. આ વાર્ષિકોત્સવમાં બ્રહ્માકુમારીઝના ૫૦૦ અનુયાયીઓ દ્વારા આગામી વિશ્વ યોગ દિનને ધ્યાનમાં રાખીને ૧ કલાક યોગ અને ૨ કલાકની વિશેષ તપસ્યા પણ કરી હતી.

વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં યોજાયેલ બ્રહ્માકુમારીઝના દ્વિતિય વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાનપદે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન રાકેશભાઈ પટેલ, વાવોલ રામજી મંદિરના મહંત મધૂસુદનજી મહારાજ, ગામના સરપંચ કમલેશજી ગોલ સહિત અનેક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વાવોલ સેન્ટરના સંચાલિકા બ્રહ્માકુમારી હંસાબેન અને અનુયાયીઓએ મહેમાનોનું સ્વાગત પાઘડી પહેરાવી, સોગાત આપી કર્યુ હતુ. આ કાર્યક્રમમાં સેન્ટરને બે વર્ષ પુરા થવાની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી તેમજ આગામી વિશ્વ યોગ દિનને ધ્યાનમાં રાખીને બ્રહ્માકુમારીઝના ૫૦૦ ભાવિકો દ્વારા ૧ કલાક સુધી યોગ કરવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવમાં સંચાલિકા હંસાબેને વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. કાર્યક્રમના સમાનપ બાદ તમામ બ્રહ્માકુમારીઝ અનુયાયીઓએ ૨ કલાકની વિશેષ તપસ્યા કરી હતી.



આગામી ૨૧ જૂને 'વિશ્વ યોગ દિન'ની ઉજવણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલને બ્રહ્માકુમારીઝ દ્વારા સાનુકુળ પ્રતિભાવ આપતા વાવોલની સોસાયટીઓમાં આ સપ્તાહ દરમ્યાન યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.


# મદ્રાસની મિશનરી પરિષદના પાદરીઓને ગાંધીની સટીક વાત

## છેલ્લા ૫૦ વર્ષોમાં અમને જો માતૃભાષામાં શિક્ષણ અપાયું હોત તો હિંદ અત્યારે પોતાનું સ્વરાજ ભોગવતું હોત

સ્વદેશી અંગેના પોતાના વિચારો વ્યક્ત કરતાં ગાંધી કહે છે, 'અમે કેળવાયેલા વર્ગે અમારું શિક્ષણ વિદેશી ભાષા મારફતે લીધું છે. પરિણામે અમારા જનસમૂહ ઉપર અસર કરી શક્યા નથી. લોકો અંગ્રેજી અમલદારોની જેટલી કદર કરે છે તેનાં કરતાં અમારી કદર વધારે કરતા નથી.આ બેમાંથી એકે વર્ગ તેઓનાં અંતર પટ ઉપર સંસ્કાર પાડી શકતો નથી. તેઓની અભિલાષાઓ અમારી અભિલાષા નથી. એટલે અમારા વચ્ચે અંતરાય પડ્યો છે. ખરી રીતે જોતાં તમને જણાશે કે અમારામાં વ્યવસ્થા કરવાની શક્તિ નથી એમ નથી, પરંતુ પ્રતિનિધિઓ અને જેમના પ્રતિનિધિઓ થવા ઇચ્છીએ છીએ તેઓ બંને વચ્ચે સંબંધ નથી.'

મદ્રાસની મિશનરી પરિષદમાં 'સ્વદેશી' વિચારો વિશે ભાષણ આપતા મહાત્મા ગાંધી ઇંગ્લેન્ડ જઇને અંગ્રેજી ભાષામાં કેળવણી પામેલા અને આવી કેળવણી નહીં પામેલા ભારતીયો વચ્ચેના તે સમયના એક લાંબા અંતરાયની પોતાની વાત આગળ વધારતા આ આખીયે પરિસ્થિતિમાં જવાબદાર તત્ત્વ પોતાની ભાષા સિવાયના શિક્ષણને એટલે કે શિક્ષણમાં સ્વદેશીના અભાવને જુએ છે.

ગાંધી પોતાની દલિલ આગળ ધપાવતાં કહે છે ભણેલા હિંદી (અહીં અંગ્રેજી ભણેલા અને બ્રિટનમાં જઇને ભણેલા) અને નહીં ભણેલા હિંદીઓ વચ્ચેના અંતરાયનું મુખ્ય કારણ છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન અમને અમારી માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવ્યું હોત, તો અમારા વડીલોને, અમારા નોકરચાકરોને, અમારા પડોશીઓને અમારા જ્ઞાનનો લાભ મળ્યો હોત. બોજ અને રે જેવાની (વિજ્ઞાનીઓ) શોધો રામાયણ અને મહાભારતની પેઠે ઘરઘરનો ખજાનો થઇ પડી હોત. અત્યારે તો, તે શોધો પરદેશીઓએ કરેલી શોધો જેટલી જ લોકોને અજાણી છે. વિષયમાત્રનું શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવ્યું હોત, તો હું એમ કહેવા હિંમત કરું છું કે તેનો વિકાસ આશ્ચર્યકારક રીતે થતો હોત.




'પાંચ દાયકા દરમિયાન ભારતીયોને જો ગ્રામ સુખાકારી અને બીજા એવા પ્રશ્નોનો નિવેડો કયારનો આવી ગયો હોત એવો વિચાર વ્યક્ત કરે છે અત્યાર સુધીમાં ગ્રામ પંચાયતો વિશેષ રીતે જીવંત સંસ્થાઓ બની હોત. અને હિંદ અત્યારે પોતાની પરિસ્થિતિને અનુકૂળ એવું સ્વરાજય ભોગવી રહ્યું હોત. અથવા તો ભોગવવાની તૈયારીમાં હોત.' એવો વિશ્વાસ જો સ્થાનિક ભાષામાં શિક્ષણ હોત તો શક્ય હતું એમ ગાંધીજી લાગણી વ્યક્ત કરે છે.

જો આમ થયું હોત તો હિંદીની પવિત્ર ભૂમિ ઉપર યોજનાપૂર્વક થતી ખૂનામરકી જોવાનો શરમાવનાર પ્રસંગ આવ્યો ન હોત એવી શિખ આપતાં ગાંધી ક્રિશ્ચિયન પાદરીઓને ભૂલ સુધારવા માટે હજી પણ મોડું થયું નથી અને તમે ઇચ્છો તો તમે તે કામમાં મદદ કરી શકો, અને જેવી મદદ તમારાથી થશે તેવી બીજી કોઇ એક કે અનેક સંસ્થાઓથી પણ નહીં થાય એમ કહે છે.

ફેબ્રુઆરી, ૧૯૧૬ની ૧૪મી ફેબ્રુઆરીએ મદ્રાસમાં મળેલી મિશનરી/પાદરીઓની પરિષદમાં સ્વદેશી વિશે પોતાના વિચારો વ્યક્ત કરતાં ગાંધીજીએ તેમની સ્વદેશીની માન્યતા અંગે સૌથી પહેલા ધર્મ, સ્વદેશી એટલે વણ લિખિત કે વર્ણ વર્ણવીત ભારતીય પ્રજાનો પ્રજાસત્તાક દેશના હિંદીજન તરીકેનું જીવન જીવવાનો મૂળતઃ સ્વભાવ અને છેલ્લાં ૫૦ વર્ષમાં હિંદની માતૃભાષામાં શિક્ષણની ગેરહાજરીને કારણે હિંદ પોતાની પરિસ્થિતિને અનુકૂળ સ્વરાજ નહીં ભોગવી શકતું હોવાની વાત સરળ શબ્દોમાં સચોટ રીતે રજૂ કરી હતી.

પ્રવચનના અંત ભાગમાં મહાત્માએ સ્વદેશી અંગેના વિચારોનો છેલ્લો ભાગ રજૂ કર્યો હતો. જેમાં આર્થિક અને ઔદ્યોગિક જીવનમાં સ્વદેશીનો ત્યાગ કરવાથી દેશને થયેલી હાનિનો ઉલ્લેખ કર્યો હતો. આર્થિક જીવનમાં અંગ્રેજ શાસકોની નીતિના કારણે હિંદમાં આજે અત્યંગ ગરીબ લોકો છે અને તે શાસન નીતિને આભારી છે. એવા સ્પષ્ટ વિચારો વ્યક્ત કર્યા હતા. સ્વદેશી અને આર્થિક પરિસ્થિતિ અંગેના મહાત્મા ગાંધીના વિચારોની આવતા સપ્તાહે ચર્ચા જારી રાખીશું.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષર દેહ ભાગ-૧૩, નવજીવન પ્રકાશન, ૧૬૯, મદ્રાસની મિશનરી પરિષદમાં સ્વદેશી વિષે ભાષણ, પૃષ્ઠ : ૨૦૨ થી ૨૦૭)

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)